# ચૌદમી ગુજરાત વિધાનસભા
# દિવસના કામકાજની યાદી

**દસમું સત્ર**

**બુધવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૨૨**

**બપોરના ૧૨-૦૦ વાગ્યે**

૧. **પ્રશ્નોત્તરી**

**(ક) તારાંકિત પ્રશ્નોત્તરી**

(૧) માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રીશ્રી

(૨) માનનીય નાણા, ઉર્જા, પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી

(૩) માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી

**(ખ) અતારાંકિત પ્રશ્નોત્તરી**

પંદરમી અતારાંકિત યાદી

૨. **સરકારી વિધેયકો**

(૧) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૨નું ગુજરાત વિનિયોગ વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**..... માનનીય નાણા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ**

(૨) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૨નું ગુજરાત જાહેર સલામતી (પગલાં) અમલીકરણ વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.....માનનીય રાજ્યકક્ષાના ગૃહ મંત્રીશ્રી હર્ષ સંઘવી**

(૩) સન ૨૦૨૨નું વિધેયક ક્રમાંક-૩-સન ૨૦૨૨નું ગુજરાત અરક્ષિત મજૂરી-કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) (રદ કરવા બાબત) વિધેયક

...........દાખલ કરવાનું તથા પહેલું, બીજું અને ત્રીજું વાંચન

**.....માનનીય રાજ્યકક્ષાના શ્રમ મંત્રીશ્રી બ્રિજેશકુમાર મેરજા**

૩. **બિન-સરકારી કામકાજ**

**બિન-સરકારી સંકલ્પો**

**૬૦ મિનિટ** (૧) **માનનીય સભ્યશ્રી અરૂણસિંહ રણાનો સંકલ્પ**

માનવ જીવનની મૂળભૂત જરૂરિયાતો પૈકી પાણી મુખ્ય જરૂરિયાત છે. જળ વગર જીવન શક્ય જ નથી. તેથી, સૃષ્ટિ પરના દરેક જીવજંતુ અને પ્રાણીઓને પાણી મળવું જોઇએ. જો કે, વન્યપ્રાણીઓ અને જીવજંતુઓ તો પાણીની વ્યવસ્થા જાતે જ કરી લે છે. પરંતુ, સામાજિક પ્રાણી મનુષ્ય માટે પાણીની વ્યવસ્થા કરવી પડે છે.

...૨...

માનવ શરીર પાંચ તત્વોમાંથી નિર્માણ પામ્યું છે, જેમાંથી એક જળ છે. માનવજીવનમાં સ્વચ્છ હવા બાદ શુદ્ધ પાણી સૌથી વધારે મહત્વપૂર્ણ છે. પ્રાચીનકાળમાં માણસ જ્યાં પાણીની પ્રચૂર માત્રા હોય ત્યાં વસવાટ કરતો. એથી જ તો તળાવ, સરોવર કે નદી કિનારે તમામ દેશોની સંસ્કૃતિનો ઉદ્ધભવ થયો છે. આજે પણ તે એટલું જ સત્ય છે. પ્રાચીનકાળથી ભારતમાં દેશના મુખ્ય રસ્તા પરથી આવતા રાહદારીઓને પાણી પીવડાવવા માટે પરબ બનાવવામાં આવતી, જેનું એક આગવું મહત્વ હતું અને આજે પણ તે પુણ્યનું કાર્ય ગણાય છે.

પીવાના પાણીની વ્યવસ્થાની વાત કરીએ તો પહેલાંના વખતમાં ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું પાણી દિવસમાં એક વાર આવતું, તે પણ ગામના પાદરે ગ્રામ પંચાયત દ્વારા પીવાના પાણીના સામૂહિક નળની વ્યવસ્થા કરવામાં આવતી હતી. ત્યાંથી પીવાનું પાણી ભરવામાં આવતું હતું. ક્યારેક તો પૂરતું પાણી પણ મળતું ન હતું. બાદમાં સરકાર દ્વારા ગામની શેરી કે મહોલ્લામાં પાણીના નળની સુવિધા કરાઈ તેમાં પણ જરૂરિયાત મુજબ પાણી મળતું ન હતું.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાતના અલગ અલગ જળશાયો અને ડેમો પર પીવાના પાણીના શુદ્ધિકરણ કરવાના પ્લાન્ટની શરુઆત કરવામાં આવી. આજે નર્મદા યોજના, ધરોઈ યોજના, અન્ય ડેમો અને સૌની યોજના જેવી યોજનાઓ અંતર્ગત ગુજરાતની પ્રજાને પીવાનું પાણી આપવામાં આવી રહ્યું છે. રાજ્યમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનકાળ દરમિયાન રાજ્યના દરેક ગામમાં પીવાના શુધ્ધ પાણીની સુવિધા કરવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં લોકોના ઘર સુધી પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે "નલ સે જલ યોજના" અમલમાં મૂકવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા આ યોજનાને ૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે એટલે કે ૨૦૨૪ના અંત સુધીમાં રાજ્યના દરેક ગામમાં નળ દ્વારા ઘરે ઘરે પાણી પહોંચાડવામાં આવશે. પરંતુ રાજ્યની વર્તમાન સરકારે આ લક્ષ્યાંક ૨૦૨૨ના અંત સુધીમાં પૂરો કરવાનું બીડું ઝડપ્યું છે. જેના અનુસંધાને નલસે જલ યોજનાના અમલીકરણ માટે રાજ્ય અને જિલ્લા કક્ષાએ પીવાનું પાણી પહોંચાડવા માટે સ્વચ્છતા મિશનની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામ પંચાયતોમાં લોક સ્વાસ્થ્ય સંચાલન વિભાગ દ્વારા આ યોજનાનો લાભ આપવામાં આવનાર છે.

"નલ સે જલ યોજના" અંતર્ગત રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરૂ પાડવા માટે પાઈપલાઈનનું માળખું તૈયાર કરવામાં આવી રહ્યું છે. ત્યારે જલ જીવન મિશન રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવેલા સમયગાળામાં જ સાકાર કરવા જીવન ઉપયોગી પીવાનું શુધ્ધ પાણી રાજ્યના ઘરે ઘરે પહોંચાડવાની રાજ્ય સરકારની "નલ સે જલ" યોજનાની કામગીરી ઝડપી બનાવવા અને તેના અમલીકરણ માટે અસરકારક પગલાં હાથ ધરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**૬૦ મિનિટ** **(૨) માનનીય સભ્યશ્રી ભરતજી ઠાકોરનો સંકલ્પ**

દિન પ્રતિદિન જીવન જરૂરિયાતની ચીજ–વસ્તુઓ જેવી કે, ખાદ્યતેલ, અનાજ, શાકભાજી, રાંધણગેસ સહિતના ભાવો વધતા જાય છે. જયારે બીજી બાજુ પેટ્રોલ, ડિઝલ અને સી.એન.જી.ના ભાવો પણ વધી રહ્યા છે, તેના કારણે ગરીબ તથા મધ્યમ વર્ગના નાગરિકોના જીવનનિર્વાહ તથા ટ્રાન્સપોર્ટેશન પર વિપરીત અસર પડી રહી છે. જીવન જરૂરી ચીજ–વસ્તુઓના ભાવો વધવાથી મોંઘવારી સામાન્ય નાગરિકોને નડી રહી છે. આથી જીવન જરૂરી ચીજ–વસ્તુઓના ભાવો અંકુશમાં લેવા માટે નક્કર પગલાં ભરવા કેન્દ્ર સરકારને ભલામણ કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

...૩...

## ×× (૩) માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇનો સંકલ્પ

વ્યક્તિ, રાજ્ય કે રાષ્ટ્રના ઘડતરમાં મન અને તનનું સ્વાસ્થ્ય મહત્વપૂર્ણ ભાગ ભજવે છે. તનના સ્વાસ્થ્યનો આધાર કસાયેલું શરીર છે અને તેના પાયામાં ખેલકૂદ છે. પ્રત્યેક ગુજરાતીને સુસંસ્કૃત અને સ્વસ્થ બનાવવાની નેમ સાથે રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભ શરૂ કરીને લોકચેતના જગાવી હતી. ખેલ મહાકુંભનું માધ્યમ ગુજરાતની યુવાપેઢીમાં રહેલી શક્તિને બહાર લાવવા ઉપયોગી બન્યું છે. આ ખેલ મહાકુંભની અગિયારમી શૃંખલાનો પ્રારંભ કરાવતાં ઉપસ્થિત ''યુવા જોશ''ના ઉમંગથી લહેરાતી વિશાળ જનમેદનીને સંબોધિત કરતા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે આ માત્ર ખેલનો મહાકુંભ જ નહિ, ગુજરાતની યુવા મહાશક્તિનો પણ મહાકુંભ છે. કોરોના કાળમાં બે વર્ષથી મુલતવી રહેલા ખેલ મહાકુંભનું ચાલુ વર્ષે રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવાના આ પ્રયાસોએ યુવા ખેલાડીઓને નવા જોશથી ભરી દીધા છે.

રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૧૨ વર્ષ પહેલાં જે સ્વપ્નોનું બીજ વાવ્યું હતું, તે આજે વટવૃક્ષ બનીને વૈશ્વિક ફલક ઉપર વિસ્તરી ચૂક્યું છે. વર્ષ ૨૦૧૦માં ૧૬ રમતો અને ૧૩ લાખ રમતવીરો સાથે થયેલી શરૂઆત વર્ષ ૨૦૧૯માં ૪૦ લાખ રમતવીરોની ભાગીદારી અને ૩૬ રમતો, ૨૬ પેરા-સ્પોર્ટ્સ બાદ હવે ૨૦૨૨ના વર્ષમાં રજિસ્ટ્રેશનના પ્રારંભિક તબક્કે આ સંખ્યા ૫૫ લાખથી વધારે ખેલાડીઓ ઉપર પહોંચી ગઈ છે. આપણા ખેલાડીઓ કબડ્ડી, ખો-ખો, યોગાસન, સ્કેટીંગ, ટેનિસ, ફેન્સીંગ સહિતની રમતોમાં કમાલ કરી રહ્યા છે. શક્તિ દૂત જેવી સરકારની યોજનાઓ ખેલાડીઓને સહયોગ આપી રહી છે. રાજ્ય સરકારના અવિરત પ્રયાસ, સાધના અને તપસ્યાના લીધે ગુજરાતના લોકોએ જે સંકલ્પ લીધો હતો, તેને લીધે આજે દુનિયામાં તેનો પરચમ લહેરાયો છે.

ખેલ મહાકુંભમાં યુવાઓ એશિયન,ઓલમ્પિક અને કોમનવેલ્થ જેવા રમતોત્સવમાં ગુજરાત અને દેશનું ગૌરવ વધારી રહ્યા છે. એક સમય હતો, જ્યારે ખેલ જગતમાં ભારતની ઓળખ માત્ર એક-બે રમત પૂરતી જ મર્યાદિત હતી. પરિણામે ગૌરવ અપાવે તેવી પ્રતિભાઓ પણ છુપાયેલી રહી હતી.

આપણા રમતવીરોએ ટોક્યો ઓલમ્પિકમાં ૭ ચંદ્રકો અને ટોક્યો પેરા-ઓલમ્પિકમાં ૧૯ ચંદ્રકો જીતીને ભારતને વૈશ્વિક સ્તરે ગૌરવ અપાવેલ છે.

રમત ખેલદિલી વધારે છે. જે રમે છે તે જ ખીલે છે. રોકાયા વિના, થાક્યા વગર, ઝૂક્યા વગર રમવાની આ ભાવનાથી દેશ આગળ વધી રહ્યો છે.

વર્ષ ૨૦૦૧-૦૨ માં આશરે રૂા.૧૨ કરોડનું બજેટ હતું અને હાલમાં આ બજેટ રૂા.૫૧૭ કરોડનું છે. ખેલાડીના ભવિષ્યની ચિંતા દૂર કરવા માટે તેમને મળનારા પ્રોત્સાહક ઈનામો અને અનુદાનની રકમ પણ વધારવામાં આવી છે. આ કારણે પછાત અને આદિવાસી વર્ગમાંથી પણ ખેલાડીઓ આવી રહ્યા છે. રમતને હવે સહજ સ્વીકૃતિ મળતા સમાજની માનસિકતા બદલાઈ રહી છે. હવે સ્પોર્ટસમાં કારકિર્દીનો મતલબ ફકત રમતમાં જ નંબર-૧ બનવું એ નહીં પરંતુ કોચ, સ્પોર્ટ્સ સોફ્ટવેર, સ્પોર્ટ્સ મેનેજમેન્ટ, ટ્રેનિંગ,

ડાયેટિશિયન, ફિઝિયોથેરાપીસ્ટ જેવા આનુષાંગિક ફિલ્ડને પણ કેરિયર તરીકે અપનાવી શકાય છે. આ માટે દેશમાં ઉત્તમ પ્રોફેશનલ સંસ્થાઓ શરૂ થઈ છે. જેમાં મણિપુર નેશનલ સ્પોર્ટસ યુનિવર્સિટી, ઉત્તર પ્રદેશમાં મેજર ધ્યાનચંદ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે તેમજ હરિયાણાના આઈ.આઈ.એમ. રોહતકમાં સ્પોર્ટસના Post-Graduation પ્રોગ્રામ ચાલી રહ્યા છે. ઉપરાંત ગુજરાતની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી પણ સ્પોર્ટસમાં કારકિર્દી બનાવવા માટેનું ઉત્તમ સ્થળ ગણાય છે.

ગુજરાતમાં વર્ષ ૨૦૦૨ પહેલાં માત્ર ૩ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ હતા પરંતુ વર્તમાન સમયમાં ૨૪ સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને ૪૪ સ્પોર્ટસ શાળાઓ કાર્યરત છે ત્યારે ''રમશે ગુજરાત, જીતશે ગુજરાત''ની માનનીય વડાપ્રધાનશ્રીની ભાવનાને ચરિતાર્થ કરવા ખેલ મહાકુંભનું સુચારું આયોજન કરવા અને તેના અમલીકરણ માટે અસરકારક પગલાં લેવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

---

**×× માનનીય સભ્યશ્રી પિયુષભાઇ દેસાઇનો સંકલ્પ નિયમ–૧૧૭(૫)ના પરંતુકની જોગવાઇને આધીન છે**.

**વિધાનસભાગૃહ,**
**ગાંધીનગર.**
**તા. ૨૯મી માર્ચ, ૨૦૨૨**

**ડી. એમ. પટેલ**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**